# સીતારામ મંદિર



સીતારામ મંદિર. છબી સૌજન્ય શ્રીમાન વિજય કુમળદાસ.

દીવના સૂરજવાવ વિસ્તારમાં સીતારામ મંદિર સ્થિત છે, જેની બાજુમાં બળદેવજીની હવેલી તેમજ બીજાં મંદિરો આવેલાં છે. આ મંદિરમાં નીચે ભૂગર્ભમાં ઊતરતાં શંકર ભગવાનનું મંદિર પણ સ્થિત છે. સલાટ જ્ઞાતિએ બનાવેલ આ મંદિર રહેણાક સાથેનું છે, જેનું ક્ષેત્રફળ આશરે ૧૬૮ ચોરસ મીટર છે. આશરે ૧૫૦થી પણ વધારે વર્ષ જૂના આ મંદીરનું સંચાલન પણ સલાટ જ્ઞાતિ તરફથી જ થાય છે.

આ મંદિરના પ્રવેશદ્વારથી અંદર દાખલ થતાં એક ચાલી આવે છે જેની ડાબી બાજુ ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને સીતાજી મૂર્તિ રૂપે બિરાજમાન છે. ત્યાંથી આગળ ભૂગર્ભમાં જવા માટે પ્રથમ ચાર પગથિયાં પછી એક નાની ચોકડી આવે છે. ત્યારબાદ તેર પગથિયાં નીચે ઊતરતાં બીજી એક નાની ચોકડી આવે છે. ત્યાંથી આગળ વધતાં બીજા દશ પગથિયાં ઊતરીને મોટા ચોકમાં જવાય છે જ્યાં સામે દીવાલ પર એક ગવાક્ષમાં ગોરખનાથજીના ગુરુ શ્રી મત્સેન્દ્રનાથજીની મૂર્તિ સ્થાપિત છે. ત્યારબાદ વધુ નવ પગથિયાં નીચે ઊતરતાં એક વિશાળ ચોકમાંથી થઈ જમણી બાજુ ભગવાન શંકરના મંદિરમાં જવાય છે જેમાં આરસપહાણની ત્રણ સુંદર શિવલિંગો છે. દીવાલની અંદર બખોલમાં શ્રી ગણપતિજી, માતા પાર્વતીજી અને

શ્રી હનુમાનજીની સુંદર પ્રતિમાઓના દર્શન થાય છે. શિવલિંગોની સામે ચોકમાં બે પોઠિયાદાદા અને એક કાચબાનું પણ સ્થાપન કરેલ જોવા મળે છે તેમજ પાછળની દીવાલમાં સૂર્ય ભગવાનની સુંદર, સિંદૂર લેપિત અને જરીથી સુશોભિત આકૃતિના પણ એક પ્રતીક રૂપે દર્શન થાય છે. અહીંથી હજુ વધુ નીચે ભૂગર્ભમાં ઊતરતાં પાણીથી ભરેલી વાવ તરફ જવાય છે જે સૂર્યવાવ તરીકે પ્રસિદ્ધ છે.



આ તસવીરમાં મંદિરનું પ્રવેશદ્વાર જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.



આ તસવીરમાં મંદિરના કક્ષમાં બિરાજમાન પ્રભુ શ્રી રામજી, લક્ષ્મણજી અને માતા સીતાજીની સુંદર અને સુશોભિત મૂર્તિઓના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.



આ તસવીરમાં ભૂગર્ભમાં નીચે જવા માટેના પગથિયાં જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.




આ તસવીરમાં એક મોટા ગોખલામાં શિવલિંગ તેમજ શ્રી મત્સેન્દ્રનાથજીની એક સુંદર પ્રતિમા બિરાજમાન જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.



ભૂગર્ભમાં નીચે ઊતરતાં એક વિશાળ ચોક અને જમણી બાજુ શંકર ભગવાનનું મંદિર અને સામે વાવમાં જવા પહેલા આવતો દરવાજો જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.



આ તસવીરમાં ત્રણ શિવલિંગો જોવા મળે છે તેમજ ગવાક્ષમાં શ્રી ગણપતિજી, માતા પાર્વતીજી અને શ્રી હનુમાનજીની સુંદર પ્રતિમાઓના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.



આ તસવીરમાં શિવલિંગોની સામે ચોકમાં બે પોઠિયાદાદા અને સૂર્ય ભગવાનની સુંદર પ્રતિમાના દર્શન થાય છે. છબી સૌજન્ય શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ.



આ તસવીરમાં વાવ નજરે પડે છે, જે સુરજવાવ તરીકે પ્રસિદ્ધ છે. છબી સૌજન્ય શ્રીમતી વીણા દીલેશ.

આ મંદિરના પૂજારી શ્રીમતી હેમકુંવરબેન લક્ષ્મીશંકર જોશી તેમજ વિપુલભાઈ મહેતા છે.

આ મંદિરમાં રામનવમી, મહાશિવરાત્રિ, જન્માષ્ટમી, અન્નકૂટ, હિંડોળા વગેરે તહેવારો ધામધૂમ અને હર્ષોલ્લાસથી ઊજવવામાં આવે છે.



આ તસવીરમાં અન્નકૂટ પ્રસંગે પ્રભુ શ્રી રામજી, લક્ષ્મણજી અને માતા સીતાજીને અર્પિત સ્વાદિષ્ટ નૈવેદ્ય જોવા મળે છે. છબી સૌજન્ય શ્રીમાન નલિનકુમાર ભગવાનદાસ બામણિયા.

વાંઝા અને દરજી જ્ઞાતિકન્યાઓ ગોરબાઈ પ્રસંગના ઉદ્યાપન વખતે સૂરજવાવે આવી માતાજીને અર્પણ કરેલ ચૂંદડી, ફૂલ વગેરેનું પાણીમાં વિસર્જન કરે છે. ત્યારબાદ માતાજીને સ્નાન કરાવીને તેમને ફરી ઘરે લઈ આવે છે.

**દીપક કનકસિંહ**

સંકલનકર્તા

આ લેખના ગુજરાતી ભાષાકીય સુધારો કરી આપવા બદલ હું મારા ભાઈ પ્રદીપ વસંતલાલનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

આ લેખમાં દર્શાવેલ તસવીરો ઉપલબ્ધ કરી આપવા બદલ હું શ્રીમાન સુરેન્દ્ર મણિલાલ, શ્રીમતી વીણા દીલેશ અને શ્રીમાન નલિનકુમાર ભગવાનદાસ બામણિયાનો પણ ખૂબ ખૂબ આભારી છું.

આ લેખમાં મૂકવામાં આવેલ ચલચિત્ર ઉપલબ્ધ કરી આપવા બદલ હું શ્રીમતી વીણા દીલેશનો તેમજ આ ચલચિત્રને સંપાદિત કરવા બદલ આર્યન દીપકનો પણ ખૂભ ખૂભ આભારી છું.